## <u>આંક – 1 લગત હુકમ</u>

આ કામે આરોપી વિરુદ્ધ દંડની સજાને પાત્ર એન.સી. ગુનો નોંધાયેલો છે. જે છ માસ પહેલાંનો છે. જેથી સી.આર.પી.સી.ની કલમ–468 ની જોગવાઈને ધ્યાને રાખતા, જે ગુનામાં માત્ર દંડની સજા હોય તો તેવા ગુનાનું સંજ્ઞાન છ માસ બાદ કોર્ટ લઈ શકશે નહીં. જ્યારે સદર ફરિયાદ મોડી દાખલ કરવા બદલ ફરિયાદ દાખલ કરનાર દ્વારા કોઈ લેખિત કે મૌખિક ન્યાયિક ખુલાસો રજુ કરેલ નથી. જે જોગવાઈને ધ્યાને રાખતાં, આ ગુનો છ માસ જુનો હોવાથી સી.આર.પી.સી.ની કલમ–468 મુજબ સંજ્ઞાન લેવાનો બાધ નડતો હોય, જેથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકી આ કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.12 મી માહે જુલાઈ સને 2025 ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

છોટાઉદેપુર
તા.12/07/2025

( એ. એચ. મકરાણી )
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર
જીજે 01137